## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*હતો સામુહિક ઉદ્દેશ, ધ્યેયથી ફંટાઇ ગયો!*
*સંપીલો સમાજ પ્રતિ આક્ષેપોથી બટાઇ ગયો!*
*ઝૂંટાઇ એકતા, ઘુંટાઇ શાંતિ-સત્તા શતરંજે -*
*સમૃદ્ધ પટેલ-સમાજ, સ્વખર્ચે પિટાઇ ગયો!*

હાઇકુ

*કરે તિલક,*
*- નગર કે ઘાટ પે,*
*રઘુવીર કો...*
*(સાહિત્ય પ્રેમી જનતા)*

*ચૂંટલો ભરી,*
*પછી પંપાળે પણ -*
*ઓબામા ચાલ!*
*(પાક. પર પ્રતિબંધ નહીં)*

### ચિંતન

**ઉપભોક્તું ન જાનાતિ શ્રિયં પ્રાપ્યાતિ માનવઃ ।**
**આકંઠ જલમગ્નિઅપિ શ્વા લિહત્યેવ જિહ્વ્યા ॥**

'ધન-સમૃદ્ધિ પ્રાપ્ત થયા પછી પણ તેને લાયક ન હોય એવો અસંસ્કારી માણસ તેનો સદુપયોગ કે ઉપભોગ કેમ કરવો - તે જાણતો નથી. દાખલા તરીકે કૂતરો ગળાં સુધી - ડોક સુધી પાણીમાં ડૂબેલો હોય તો પણ પાણીની તરસ તો એ પાણીને જીભથી ચાટીને જ સંતોષવા પ્રયત્ન કરે છે.'

સુભાષિત રત્ન ભાંડાગારના બીજો અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક - વ્યક્તિના સંસ્કારનો પ્રતિઘોષ આપે છે.

ધનનો સદુપયોગ કે ઉપભોગ કેમ કરવો એ પારિવારિક સંસ્કાર દ્વારા જ સમજાય છે. જે પરિવારમાં ધાર્મિક સત્કાર્યો - દાન-પુણ્ય અને પરહિત સેવાના સંસ્કાર ન હોય તે પૈસાને ગમે તેમ ઉડાડી લક્ષ્મીનો દુર્વ્યય કરે છે.

### સુવિચાર

- જ્ઞાન તથા અભિવ્યક્તિ કરવાની ઉત્તમ ક્ષમતાનું મિશ્રણ જેનામાં હોય તે ઉત્તમ શિક્ષક ગણાય છે - **કાકાસાહેબ કાલેલકર**
- પોતાની ચિંતા ભગવાન પર છોડી દેવી એટલે વિશ્વાસનો વિકાસ કરવો - **સ્વામી રામદાસ**
- 'વિદ્યા' ઉપાસના ત્યાગ અને નિષ્ઠાનું ક્ષેત્ર છે... આ ત્રણમાંથી એક ના પણ અભાવથી વિદ્યા તો પ્રાપ્ત થાય પણ તે સુગંધ વિનાના ફૂલ જેવી માત્ર દેખાવની જ હશે - **વિનોબા ભાવે**
- ભૂખ્યા સમક્ષ પરમાત્મા પર રોટલા રુપે જ આવી શકે - **ડોંગરેજી**
- માણસ અધાર્મિક હોય છતાં તેનું જીવન નિતિમત હોઈ શકે છે - **સંત રોબિન**
- તમે જો માત્ર નસીબની યારી જ શોધતા હશો તો તકને નહીં ઓળખી શકો - **ડેવિડ થોરો**
- આજનું ઔષધ : ખજૂરનો ઠળિયો સતત ચગળ્યા કરવાથી ઊલ્ટી મટે છે.

### બોધકથા

ગુરુ-ભક્તિ, જપ-તપ-ઉપવાસમાં નથી - પણ ગુરુદેવે આપેલા બોધ અને આદેશોનું ભક્તિપૂર્ણ-શ્રદ્ધાથી આચરણ કરવામાં છે.

ગુરુ ગોવિંદસિંહ, આનંદપુરમાં હતા - ત્યારે એક શિષ્ય હકીમ તેમના આશીર્વાદ લેવા આવ્યા - ગુરુએ કહ્યું, તમે હકીમ છો, દીન-દુઃખીનાં દર્દોની પ્રેમથી સારવાર કરો એ જ મારી ભક્તિ છે.

હકીમે એ આદેશનું ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક આચરણ પાલન કર્યું. વર્ષો પછી ગુરુ ગોવિંદસિંહ ફરી આનંદપુર પધાર્યા ત્યારે હકીમની સેવાકાર્યની સુવાસ ચોમેર ફેલાઈ હતી તે સાંભળી, ગુરુજી તેમને મળવા જાતે જ હકીમને ઘેર ગયા. હકીમ કોઈનો ઉપચાર જ કરી રહ્યા હતા. છતાં ગુરુજીએ આસન આપી બે મિનિટ બેસવા કહ્યું, હજુ તો હાથ ધૂએ ત્યાં બહારથી બૂમ પડી 'હકીમ સાહેબ! જલદી ચાલો મારા પડોશીની હાલત ખૂબ ખરાબ છે.' હકીમે ગુરુ સામે જોયું - ગુરુજીએ જવાની ઈશારાથી રજા આપી.

હકીમ પાછા આવ્યા - ગુરુજીની ક્ષમા માગી. ગુરુજીએ કહ્યું, બેટા કર્તવ્ય પાલનમાં નિષ્ઠા એ જ સાચી ગુરુભક્તિ છે આજે તમે મને સાચી ખૂશી આપી છે.

# સુરત પાટીદાર સંમેલનના સૂચિતાર્થો

**તંત્રીસ્થાનેથી...**

સુરતમાં વિશાળ પાટીદાર સંમેલન યોજીને ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓ હવે પાટીદાર સમાજ ભાજપ સાથે જ છે, એવું ઠસાવવા માગતા હતા. આ હેતુસર છેલ્લા એક મહિનાથી સવાણી ગ્રુપ જેવા મોટા ઉદ્યોગગૃહને હાથ પર લઈ વિવિધ કાર્યક્રમો ઘડી કાઢવાની વ્યૂહ રચના અપનાવાઈ હતી. જો પાટીદાર સમાજને રાજી કરવાના ભાગરૂપે યોજાયેલી સુરતની પાટીદાર રેલી હેમખેમ પાર પડી હોત તો આયોજકોને પાટીદારો ભાજપ વિરુદ્ધ હોવાની લોકોમાં ફેલાવાયેલી ભ્રમણા દૂર કરવામાં ખાસ્સી અનુકૂળતા સાંપડી હોત. ભાજપ દ્વારા પાટીદાર સમાજના પ્રતિનિધિઓને વિવિધ સ્તરે અપાતું રહેતું મહત્ત્વ ઉજાગર કરવા 'રાજસ્વી સન્માન' જેવા રૂપકડા મથાળા હેઠળ અનેક પાટીદાર અગ્રણીઓના જાહેર નાગરિક સન્માનનો કાર્યક્રમ સફળ થાય એ માટે સરકારે અને શાસક પાર્ટીએ તથા શુભેચ્છક ઉદ્યોગગૃહોએ કોઈ જ કસર નહોતી છોડી. અખબારોમાં આખાં આખાં પાનાં ભરીને જાહેર ખબરો આપવામાં આવી હતી અને સવિશેષ સુરતમાં સ્થાયી થયેલા સૌરાષ્ટ્રના પાટીદારોને સભાસ્થળે ખેંચી લાવવા માટે તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ હતી. આ સભામાં પાટીદાર સમાજના રાજકીય અગ્રણીઓ ઉપરાંત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ભાજપના અધ્યક્ષ અમિત શાહ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તથા પાટીદાર સમાજના અગ્રણી અને કેન્દ્રીય મંત્રીમંડળના સભ્યો પુરુષોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. વળી, પાટીદાર સમાજમાંથી જ યુવા કાર્યકર જીતુ વાઘાણીને ભાજપે ગુજરાત પ્રદેશના અધ્યક્ષ બનાવી ભવિષ્યની રણનીતિનો પણ સંકેત આપી દીધો હતો. ટૂંકમાં સુરત સંમેલન મારફત ભારતીય જનતા પાર્ટી ગુજરાતના પટેલ સમાજને જ સંદેશ પાઠવવા માગતી હતી તે ખૂબ જ સ્પષ્ટ અને બોલતો હતો. ભાજપ એ પાટીદારોની જ પાર્ટી છે, એવો મેસેજ વહેતો કરી આગામી ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીઓમાં પાટીદારોના જ ખભે ચઢીને પાર્ટી ફરી વાર કમ-બૅક કરવાની નેમ ધરાવતી હોવાની વિનમ્ર રજૂઆત માટે યોજાયેલ આ રેલીને હાર્દિક પટેલની આગેવાની હેઠળના કાર્યકર્તાઓએ નિષ્ફળ બનાવી તે ઘટના ઘણી સૂચક છે.સરકારની ગુપ્તચર એજન્સીઓની આંખમાં ધૂળ નાખીને 'પાસ'ના યુવાનોએ રેલીમાં હોબાળો મચાવી દેતાં દિલ્હીથી મોટી આશાઓ સાથે આવેલા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને ફક્ત ચાર મિનિટમાં જ વકતવ્ય પુરું કરી દેવું પડ્યું અને મુખ્યમંત્રી રૂપાણી તો માત્ર બે મિનિટ જ બોલી શક્યા. આનંદીબેનની વિદાય પાછળ પાટીદાર આંદોલન જવાબદાર હતું, પરંતુ એ આંદોલનના ચાલક બળ તરીકે બીજાં જ તત્ત્વો કાર્યરત હોવાનું વારંવાર કહેવાતું રહ્યું છે. અમદાવાદના જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડમાં ઉપવાસ પર બેઠેલા પાટીદાર યુવાનો પર બેફામ લાઠીચાર્જ કરવાનો હુકમ કોણે આપ્યો, તે સવાલ પણ ખુદ હાર્દિક પટેલ વારંવાર પૂછતા રહ્યા છે. હાર્દિક પટેલ આખું આંદોલન પોતાનાં અંગત હિતો ખાતર ચલાવી રહ્યા હોવાના અને પાટીદાર સમાજને ગેરમાર્ગે દોરી રહ્યા હોવાના આક્ષેપો પણ થતાં રહ્યા છે. વળી હાર્દિક પાછળ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો દોરીસંચાર હોવાની વાતો પણ ચર્ચાતી રહી છે. છેલ્લે મહેશ સવાણી દ્વારા હાર્દિક પટેલના પિતરાઈ દ્વારા ત્રીસ લાખ રૂપિયા જેવી માતબર રકમ લેતા હોવાની વીડિયો ક્લિપ પણ જાહેર કરાઈ છે. આમ છતાં, એક લાખ પાટીદારો ભેગા કરવાની નેમ સાથે ફક્ત દસ-હાર હજારની મેદની જ એકઠી કરી શકાઈ અને તે પણ રાજકીય નેતાઓના આગમન સાથે હોબાળો કરી નાસભાગ કરવા લાગી તે શું સૂચવે છે? ભાજપ માટે પાટીદારોને રીઝવવાનું કામ તે ધારે છે એટલું સહેલું નથી રહ્યું. જો કે, આગામી વિધાનસભામાં આ પાટીદાર ફૅક્ટર દ્વારા થનારા સંભવિત નુકશાન સામે ઠાકોર-ક્ષત્રિય - ઓબીસી વર્ગોને વધુ મહત્ત્વ અપાય એવી સ્ટ્રેટેજી પાર્ટીએ વિચારી જ રાખી છે.

# સલાહ શિક્ષકને જ અપાય!



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

તમે ક્યારેય ડૉક્ટરને સલાહ આપી છે? વકીલને કોઈ સલાહ આપી શકે? એન્જીનીયરને એક-બે સૂચનો કરી શકાય? કોઈ રાજકીય નેતાને લોકોએ સલાહ આપી હોય એવું સાંભળ્યું છે? જી... ના.. નહિ.

પાંચમી સપ્ટેમ્બર આવીને ગઈ - શિક્ષક દિન. લોકો તૂટી પડશે શિક્ષકને સલાહ આપવા માટે. શિક્ષક એક એવું પ્રાણી છે જેને દરેક જણ સલાહ આપે છે. કેમ ભણાવવું? કેમ રહેવું? શું પહેરવું? કેમ બોલવું? વગેરે વગેરે.... નવાઈની વાત તો એ છે કે જેને શિક્ષણ સાથે ન્હાવા નીચોવાનોય સંબંધ ન હોય તેવા લોકો પણ શિક્ષક અને શિક્ષણ વિશે બોલવામાં પાછી પાની કરતાં નથી. ખાસ કરીને એવા નેતાઓ કે જેમને શાળા સાથે ભૂતકાળમાંય કોઈ નાતો રહયો નથી તેઓ શિક્ષણનીતિ વિશે અને અભ્યાસક્રમ વિશે બોલે છે ત્યારે શ્રોતાઓ પર તેની કેવી અને કેટલી અસર થતી હશે?

એથી વધુ નવાઈની વાત તો એ છે કે શિક્ષક બાપડો-બિચારો બધ્ધુ સાંભળી લે છે. શિક્ષક માત્ર વર્ગખંડમાંજ બોલવા માટે સર્જાયેલો છે. બાકી તો એણે સાંભળવાનું જ હોય! શિક્ષણ નિરીક્ષકની શાળા મુલાકાત વખતે ગભરાઈ જતાં અને તેની આગળ-પાછળ પ્રદક્ષિણા ફરતાં શિક્ષકોનો આપણે ત્યાં તોટો નથી. એના આવા વર્તન પછી પાકો ભરોસો પડે કે આ સલાહ અને સૂચનને જ લાયક છે. પરંતુ હવે સમય બદલાયો છે. એડીઆઈ કરતાં શિક્ષક વધુ જાણે છે. વધુ સમજે છે. જ્ઞાનનો વિસ્ફોટ તેને સતત અપડેટ રાખે છે. શિક્ષક બાપડા-બિચ્ચારા માંથી વિદ્વાન અને સ્ટાઈલીશ તરફ વળી રહયો છે. નવા પુસ્તકો, નવા આલ્બમ, ને નવી પધ્ધતિ ને નવી ફિલ્મથી માહિતગાર થવા માંડયો છે. બાળકોના ભણતર અને સાથે સાથે ઘડતરની ચિંતા અને ચિંતન કરતો થયો છે.

કેટલાક વિદ્યા સહાયક શિક્ષકો ફુલ પગારમાં આવતાં પહેલા મામલતદાર અને નાયબ મામલતદાર તરીકે સિલેકટ થયા છે. સાંપ્રત સમયમાં શિક્ષક ભરતીમાં ઘણાંય એવા શિક્ષકો છે જે આઈ.એ.એસ. અને જી.પી.એસ.સી.ની પરીક્ષાઓની તૈયારી કરી રહયાં છે. મોટા ભાગના શિક્ષકો પાસે ફોર વ્હીલર નહિ તોય બાઈક તો છે જ. સાતમા પગારપંચ પછી હજીય મારું જો ચાલે તો પ્રયોગશીલ અને નિષ્ઠાવાન શિક્ષકોનો પગાર બમણો કરી દઉ!! પણ મારું સાંભળે કોણ? આજ તો શિક્ષક જો ધારે તો નકકી કરેલા ઉમેદવારને ચૂંટણી જીતાડી શકે. શિક્ષક કિંગ મેકર બની શકે છે. બહુ ઊંચી વાત ન કરીએ તો પણ ગ્રામકક્ષાએ અને તાલુકા કક્ષાએ તો આ વાત સાચી પુરવાર થયેલી છે.

આજનો શિક્ષક વિદ્યાર્થીઓની કારકિર્દી પ્રત્યે સભાન થયો છે. વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે વિદ્યાર્થીનું ધ્યાન દોરી યોગ્ય માર્ગદર્શન આપે છે અને શાળાઓમાં વિવિધ સેમિનારો ગોઠવાય છે. હવે તો શિક્ષક માત્ર વિદ્યાર્થી સાથે જ નિસ્બત ધરાવે છે એવું ની. તે આખા સમાજ સાથે ઘરોબો ધરાવે છે. સમાજને ઉપયોગી થાય તેવા તમામ કાર્યો ગાંઠના ખર્ચે પણ કરી જાણે છે. આજના શિક્ષકને એકધારી અને રસહિન તાલીમોથી કંટાળો આવે છે.

શિક્ષકો ઓનલાઈન પરીક્ષાના હિમાયતી છે. તેઓ કહે છે કે અમારી પણ પરીક્ષા લો પણ જો પાસ થઈએ તો અન્યો કરતાં બે ઈજાફા વધારે આપો!

શિક્ષકોના ત્રણ યક્ષ પ્રશ્નો : શિક્ષકો શિક્ષણમંત્રી સાથે સીધો સંવાદ કરી શકશે? અભ્યાસક્રમ રચનામાં તક મળી શકશે? શિક્ષણ સિવાયના અન્ય કાર્યોમાંથી શિક્ષકોને મુકિત મળી શકશે?

પ્રયોગશીલ અને કર્મઠ શિક્ષકોએ જે. કૃષ્ણમૂર્તિને આજના દિવસે સાંભળવા જોઈએ, જે. કૃષ્ણમૂર્તિ કહે છે કે—

"સહૃદયી શિક્ષક, વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શકિતઓને પ્રગટાવે છે, શિક્ષકની વિનમ્રતાને કારણે કોઈપણ વિદ્યાર્થી શિક્ષકથી ડરતો નથી. વિદ્યાર્થી જેવો છે તેવુ વર્તન તે કરે છે. તેની અંદર રહેલી સુંદર શકિતઓને શિક્ષક વિકસાવવામાં સહાય કરે છે." એ શિક્ષક નસીબદાર છે કે જેની સમક્ષ વિદ્યાર્થીઓ વિના સંકોચ પોતાની મુશ્કેલીઓ રજૂ કરી શકે છે. તેને શ્રધ્ધા હોય છે કે શિક્ષક મમતા અને સહાનુભૂતિપૂર્વક પોતાની વાત સાંભળશે અને હેતથી માર્ગદર્શન આપશે.

અનુસંધાન પાના નં. ૭ પર

# બત્રીસ પૂતળીઓ કરતાં ય ચડીયાતી બાઈ નામે પૂતળીબાઈ



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

સામાજિકરણની એક સૌથી મોટી એજન્સી એટલે કુટુંબ વ્યવસ્થા. વણિકમાંથી વૈશ્વિક બનેલા ગાંધીની સામાજીકરણની પ્રક્રિયાની આ લેખમાં થોડી માંડીને વાત કરવી છે. મનુષ્યની જે વર્તન ઢબ ઉપસે તેમાં તેના કુટુંબના સભ્યોનો ફાળો હોય છે. સામાજીકરણની આખી પ્રક્રિયામાં કુટુંબ મહત્ત્વની એજન્સી છે. ત્યારે ગાંધીના કુટુંબમાં કઈ રીતે તેમનું સભ્યો દ્વારા ઘડતર થયું તે આપણે જોઈએ.

મોહનદાસ જયારે બાળમંદિરમાં ભણવાની ઉંમરના હતા ત્યારે તેમને હમ ઉમ્ર ગોઠિયાઓ સાથે નાની મોટી તકરાર થતી હતી. અને એમાં કશું ખોટું પણ નથી. છોકરાં તો બાજે ને છૂટા પડે ને ભેગા થઈ જાય. પણ એક દિવસ બાળ ગાંધીએ એના દોસ્તારને માર્યા. માર ખાનાર બાળકની માં મોહનદાસની રાવ લઈને તેમની માતા પાસે પહોંચી. ફરિયાદ કરી. ગાંધીના મા એ પૂછ્યું, 'તે એને માર્યું કેમ?' ગાંધીનો જવાબ હતો એણે મને પહેલાં માર્યું. ટૂંકમાં મારનારને સામો મારીને અહીં જવાબ અપાયેલો. પણ ગાંધીની માતાએ કહ્યું, કોઈ તને મારે અને એના જવાબમાં તું એને મારે તો તારામાં અને એનામાં પછી ફેર જ શું ? તું પણ એવા જેવો જ કહેવાય ને. આપણે એના જેવું ના કરવાનું હોય. બીજાથી જુદા પડવાનું હોય. અને ગાંધીએ માની આ શિખ માથે ચઢાવીને જિંદગીભર અન્યથી નોખી ભાત જ સર્જતા રહ્યાં.

મહાત્મા ગાંધીના વિચારો અને વાતો ઘણી વખત જુદી જુદી રીતે લોક મોંએ સાંભળવા મળે છે. જેમાં ગાંધીની એક વાત કોઈ એક ગાલ પર લાફો મારે તો બીજો ગાલ ધરવાની વાત અવશ્ય હોય છે. પરંતુ ઉપરના પ્રસંગ વર્ણન પરથી સ્પષ્ટ થાય છે કે ગાંધી આવી વાત કરતા હતા કારણ કે સામાજીકરણની એજન્સીના મહત્ત્વના એજન્ટ એવા તેમના માતૃશ્રી પૂતળીબાઈ પાસેથી તે આ સંસ્કાર પામ્યા હતા. બાળપણમાં આપણે બત્રીસ પૂતળીઓની વાર્તા તો વડેરાંઓ પાસેથી સાંભળી હશે પણ એક પૂતળીબાઈ કે જે બત્રીસ પૂતળીઓની વાર્તામાં પાત્ર તરીકે કયાંક નથી. પણ આ પૂતળીબાઈએ તો જગતના ઈતિહાસમાં એવું પાત્ર પોતાના પીંડમાંથી સર્જ્યુ કે આખી દુનિયા એ શાશ્વત વ્યક્તિને સદૈવ નમન કરતી રહે.

ગાંધીના જીવનમાં સત્ય અને અહિંસાના પાઠ આ રીતે સામાજીકરણ સંસ્કાર વાટે મળ્યા હતા. જેના સહારે દુનિયાને માણસ નામે મહાત્માની અમૂલ્ય ભેટ મળી.

સત્યના પ્રયોગો અથવા આત્મકથામાં ગાંધી લખે છે 'માતા સાધ્વી સ્ત્રી હતી એવી છાપ મારા ઉપર રહેલી છે. તે બહુ ભાવિક હતી. પૂજાપાઠ વિના કદી ન જમે. હવેલીએ હંમેશા જાય. હું સમજણો થયો ત્યારથી તેણે કદી ચાતુર્માસ છોડ્યા હોય એવું મને સ્મરણ નથી. કઠણમાં કઠન વ્રતોને આદરતી અને નિર્વિઘ્ને પૂરા કરતી. લીધેલાં વ્રત માંદી પડે તો પણ ન જ છોડે.'

લેખના આરંભે ગાંધીજીના સામાજિકરણમાં પૂતળીબાઈની અસર કેવી હતી તેનું અછડતું આલેખન કર્યું છે. બાળ ગાંધીને બીજા છોકરાઓની જેવા નહીં પણ એ જે ખોટું કરે તે સમયે તેમનાથી જુદુ વર્તન/વ્યવહાર કરવાની શિખ તેમની પાસેથી મળી હતી. તેવી જ રીતે પરમાત્મા ઉપર સંપૂર્ણ શ્રદ્ધાભાવ રાખવાની સમજણ પણ માતાના ધાર્મિક સંસ્કારોમાંથી મેળવી હતી. વિશ્વયુદ્ધમાં એકબીજા સામે લડતા દેશોના લાખો પ્રજાજનોનો સંહાર જોયો ત્યારે મહાન ફિલસૂફ ફ્રેડરિક નિત્સેએ એવી નિરાશા વ્યક્ત કરી હતી કે ઈશ્વર નથી જ નથી. જો ઈશ્વર હોત તો આવી જાનહાનિ તેણે રોકી હોત એવી લાગણી સાથે તેમણે ઈશ્વરની હયાતી ન હોવાનો નિસાસો નાંખ્યો હતો. પણ મહાત્મા ગાંધીએ ઈશ્વરના હોવા કે ના હોવાના કોઈ પણ વિચાર વ્યક્ત કર્યા વગર સ્પષ્ટ કર્યું કે 'હિન્દુસ્તાનમાં મારે રામરાજ સાથેનું સ્વરાજ સ્થાપવું છે.'

ધર્મ પ્રત્યેની તેમની આસ્થા અને પરમ તત્ત્વ તરફથી તેમની આશા અને પરમ તત્ત્વની તેમની આશા તેમના માતા પૂતળીબાઈમાંથી ઊતરી આવી હતી. માતા પૂતળીબાઈના પૂજા પાઠ અને પ્રાર્થનાનો સંસ્કાર તેમના જીવનનો અભિન્ન અંગ બની રહ્યો હતો. સવાર અને સાંજ નિયમિત રીતે પ્રાર્થનાસભા એમના જીવનનો આજીવન ક્રમ બની રહ્યો હતો. નથ્થુરામ ગોડસેએ ગોળીએ મહાત્મા ગાંધીની હત્યા કરી તે પણ પ્રાર્થના સભા વખતે જ થઈ હતી. ધાર્મિક પ્રકૃતિના પૂતળીબાઈ કઠોર ઉપવાસ પણ કરતાં. ગાંધીજી નોંધે છે કે તેમના માતાએ એક વખત ચાતુર્માસ છોડ્યા હોય એવું સ્મરણમાં નથી. ગાંધીજીએ પણ તેમનાં જીવનકાળ દરમિયાન અનેકવાર આમરણ ઉપવાસ કરીને અનેક વખત આવી પડેલી મુશ્કેલીઓને રોકવાના પ્રયાસો કર્યા હતા.

ગાંધીજીના ઉપવાસ સામે એક બહુ મોટા ગજાના ચિંતક-ફિલોસોફરે એવી મજાક કરી હતી કે, 'ગાંધીએ અનશનનું શસ્ત્ર મહિલાઓ પાસેથી ઉછીનું લીધું હતું.' એક દૃષ્ટિએ ગાંધીની ભલે ટીકા કરી હોય તેમ છતાં એક દૃષ્ટિએ તે એટલી સાચી પણ ગણાવી શકાય કારણ કે અનશન કરવાની દિશા અને શિક્ષા ગાંધીને તેમની માતા પાસેથી મળી હતી. પૂતળીભાઈ ભલે માતા હોય તેમના, પણ મહિલા તો ખરાં જ ને! એ દૃષ્ટિએ પેલા ફિલોસોફર બિલકુલ સાચાં. ધર્મ પ્રત્યેની પારાવાર આસ્થા અને કઠોર વ્રત તપ માંદગીના ભોગે પણ ક્યારેય નહીં છોડનાર પૂતળીબાઈમાંથી ગાંધીએ સત્યની કઠોર સાધનાના તપ તરીકે ઉપવાસને શસ્ત્ર બનાવ્યું હતું. પોતાના કુટુંબીજન હોય કે સ્વરાજ પ્રાપ્તિના પ્રયાસોમાં સાથે હોય એવા સભ્ય હોય કે દેશમાં જુદા જુદા સમયે બે કોમો વચ્ચે ફાટી નીકળેલા કોમી તોફાનોની હુતાશન શાંત પાડવા અર્થે પણ તેમને અનશન આંદોલનો કર્યા હતા. કોઈકની ભૂલ સામે પણ ગાંધીએ ઉપવાસ કર્યા હોય એવા સંખ્યાબંધ દાખલા જડે છે ત્યારે આ લાંબા સમય સુધી અનશન કરવાનો વિચાર અને તાકાત એ બંને પણ તેમના માતા પાસેથી જ મળ્યા હતા.

ગાંધીજીના માતા ચાતુર્માસમાં ઉપવાસ કરતા હતા. એક સામટા ત્રણ-ચાર સળંગ ઉપવાસ એ એમને મન નજીવી વાત હતી. ગાંધીજીની નોંધ મુજબ એક વાર તો માંએ ચાતુર્માસમાં એવું વ્રત લીધું કે સૂર્યનારાયણનાં દર્શન કર્યા પછી જ જમાય. એવા ચોમાસાના દિવસોમાં અમે છોકરાં વાદળ સામું જોઈ રહીએ કે કયારે સૂર્ય દેખાય ને કયારે માં જમે. ચોમાસાના એવા દિવસોમાં સૂર્ય દર્શન દોહ્યલા થઈ જાય એ તો સહુ જાણે છે. એ દિવસોને યાદ કરતાં લખે છે કે જયારે અમને સૂર્ય દેખાય અને અમે 'બા, બા, સૂરજ દેખાયો' કહીએ ને બા ઉતાવળી ઉતાવળી આવે ત્યાં જ તો સૂરજ ભાગી જાય. પૂતળીબાઈ તે સમયે કંઈ નહીં આવે નસીબમાં ખાવાનું નહીં હોય કહી પાછા પોતાના કામમાં ગુંથાઈ જાય. એવી જ રીતે ગાંધીજી પણ જયારે અનશન પર બેઠા હોય ત્યારે જયાં સુધી પારણાંની ઘડી આવે નહીં ત્યાં સુધી અદલોઅદલ પૂતળીબાઈની જેમ જ વર્તતા હતા. માં અને દીકરામાં ફેર એટલ કે માં બોલીને વ્યક્ત થતા.ગાંધી અનશન સાથે મૌન રહેતા!

(નોંધ : આ લેખમાં ઘણી વખત ગાંધીજીનો ઉલ્લેખ ગાંધી તરીકે જોવા મળે છે. આચાર્ય વિનોબાજીએ એક પ્રશ્નના ઉત્તરમાં પ્રત્યુત્તર વાળ્યો હતો કે જો એક વ્યક્તિ તરીકે વિચારતા હો તો તમારે ગાંધીજી કહેવું જોઈએ. એક વિચારક તરીકે જોયા હો તો ગાંધી કહેવું જોઈએ વિનોબાજીની કથનીને આ લેખક અનુસર્યા છે એમ જાણવું.)

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# આજે રઘુવીરભાઈનું સન્માન અને તેમનાં પુસ્તકોનું પ્રદર્શન



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

ગાંધીનગર સાહિત્ય સભા વૃત્ત

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા, તેના કાર્યક્રમ 'સર્જક કૅફિયત' અંતર્ગત, ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય અને કવિ ભરત પાઠક 'નયન' ના 'છેવટે લખવું પડ્યું' કાવ્યસંગ્રહની કૃતિઓનો તેઓના મુખે પઠનનો કાર્યક્રમ તથા ગાંધીનગર સાહિત્યસભાના કારોબારી, સભ્ય અને 'ખુલ્લી વાત - ખુલીને' ના કટારલેખક મનોજ શુક્લના 'શબ્દ સમીપે રહેવાનો આનંદ' વિષય વકતવ્યનો કાર્યક્રમ, પ્રમુખ ભરત કવિના અધ્યક્ષસ્થાને, તા. ૧૧-૯-૨૦૧૬ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે; તો આ સાહિત્યિક મહેફિલને માણવા અચૂક પધારવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્યરસિકો-ભાવકો અને ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યોને હાર્દિક જાહેર નિમંત્રણ છે.

વૃત્તસંચય

- ભારતીય સાહિત્યના સર્વોચ્ચ સન્માન-જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત, રઘુવીર ચૌધરીને સમગ્ર નગર અને ગાંધીનગર એજ્યુકેશન ફાઉન્ડેશન; ગાંધીનગર કલ્ચરલ ફોરમ, અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર, એમ.પી. ચૌધરી ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર સાહિત્ય સભા, અખિલ આંજણા સેવા મંડળ, માણસાના ઉપક્રમે પોંખવાનો અમૂલ્ય અવસર ઉજવી, તેમના તિલક કરવાનો કાર્યક્રમ, ગુજરાત રાજયના મહામહિલ રાજયપાલ ડૉ. ઓમપ્રકાશ કોહલીજીના અધ્યક્ષસ્થાને તથા સાહિત્યકાર અને કેળવણીકાર મનસુખ સલ્લાના મુખ્ય મહેમાન પદે, તા.૧૦-૯-૨૦૧૬ને શનિવારના રોજ, સવારે ૯.૩૦ કલાકે, ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. રઘુવીરભાઈ ચૌધરી લિખિત, સંપાદિત અને સર્જિત ૧૫૦ થી વધુ પુસ્તકોનું પ્રદર્શન અને ૩૦ ટકા ના વિશેષ વળતર સાથેનું વેચાણ પણ રાખવામાં આવેલ છે.

- સંસ્કૃત ભાષા સાહિત્યના અભ્યાસુ તથા આજન્મ કારકિર્દી ધરાવનાર ડૉ. શાંતિકુમાર પંડ્યાને તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી ૨૦૧૬ના વર્ષનો 'સંસ્કૃત સાહિત્ય ગૌરવ પુરસ્કાર' પ્રાપ્ત થયો છે. ડૉ. પંડ્યાએ અમદાવાદની કૉલેજમાં શિક્ષણ લીધું છે. કેન્દ્ર સરકારના 'માનવ સંસાધન વિભાગ' તરફથી બે ગુજરાતી કૃતિઓ 'ગામનાં તીરથ' અને 'સુખનો સૂરજ' ને રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયા છે. સંસ્કૃત સાહિત્ય અકાદમી તરફથી ઈ.સ. ૧૯૯૪માં એમના પુસ્તક 'ગુજરાતમાં મહાભારતના આધારે રચાયેલા મહાકાવ્યો અને રૂપકો' ને પારિતોષિક પ્રાપ્ત થયું છે. એમની 'મહાભારત' વિષેની 'ગુજરાત સમાચાર'ની કૉલમ અત્યંત લોકપ્રિય રહી હતી. એ પછી 'ધર્મલોક' પૂર્તિમાં પ્રગટ થયેલ મહાભારત કથાની આસ્વાદક મૂલક લેખશ્રેણી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે પુસ્તકાકારે પ્રગટ કરી છે.

- ગુજરાતી ભાષા સાહિત્યના પ્રથમ પંક્તિના સર્જક અને પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજીને તેમના વિશિષ્ટ સાહિત્ય પ્રદાન માટે, ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ તરફથી અપાતો 'રણજીતરામ સુવર્ણચંદ્રક' એનાયત કરવાનું જાહેર કરાયું છે.

ડૉ. પ્રવીણ દરજીએ કવિતા, લલિત નિબંધ, વિવેચન, સંશોધન, અનુવાદ, પ્રવાસ, બાળસાહિત્ય, સંપાદન વગેરે ક્ષેત્રે ૧૨૫ થી વધુ પુસ્તકો આપ્યા છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દિલ્હીએ તેઓને ઍમિરિટ્સ ફૅલો બનાવી એમનું ગૌરવ વધાર્યું છે.

- ભારતીય સાહિત્યમાં ગુણવંતરાય આચાર્ય જેટલી સાગરકથાઓના કોઈ સર્જકે સાગરકથાઓ લખી નથી. તેમની વિખ્યાત સાગરકથા 'દરિયાલાલ' નાટ્યાત્મક સંગીતારૂપે સાહિત્યિક કલાસંપદા દ્વારા ભારતીય વિદ્યાભવન કલાકેન્દ્રના સથવારે ૧૭મી જુલાઈ, ૨૦૧૬ને રવિવારે મુંબઈ ખાતે, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે રજૂ થઈ હતી. ચિંતન પડ્યા સર્જિત આ સંગીતિકાની રજૂઆત અમદાવાદની જાણીતી સંસ્થાઓ દ્વારા થઈ હતી. લેખકની આ સર્જનસૃષ્ટિ વિશેની આ ગોષ્ઠીમાં તેમની પુત્રીઓ વર્ષા અડાલજા, ઈલા આરબ મહેતા તેમજ પ્રખ્યાત સાહિત્યકાર દિનકર જોષીએ ભાગ લીધો હતો. 'અલ્લાબેલી' નાટકના રોમાંચક દશ્યનું પઠન સનત વ્યાસ અને મિલન પટેલે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંકલન ઉદયન ઠક્કર, કમલેશ ગોતા અને નિરંજન મહેતાએ કર્યું હતું.

- નર્મદ સાહિત્ય સભા, સુરત દ્વારા 'કેતન મુનશી વાર્તાસ્પર્ધા - ૯/ ૨૦૧૬ માટે વાર્તાકારોને તેમની વાર્તા, તા. ૩૦-૯-૨૦૧૬ સુધીમાં મોકલી આપવા જણાવાયું છે. આ વાર્તાસ્પર્ધા માટે વાર્તામાં ફક્ત શીર્ષક જ લખવાનું રહેશેઅને બીજા પરબીડિયામાં વાર્તાનું શીર્ષક, લેખનનું નામ તથા સરનામું જણાવવાનું રહેશે અને 'નર્મદ સાહિત્ય સભા, સાહિત્ય સંગમ, બાવાસીદી, ગોપીપુરા, સુરત એ સરનામે મોકલી આપવાનું રહેશે."

- બહુમુખી અનેબહુ આયામી વ્યક્તિત્વ જેમની ઓળખ હતી, તેવા મધુસૂધન ઢાંકીનું ૮૯ વર્ષની જૈફ વયે અમદાવાદખાતે અવસાન થયું. મધુસૂદન ઢાંકી 'એન્સાઈક્લોપીડિયા ઑફ ઈન્ડિયન ટેમ્પલ આર્કિટેક્ચર'ની ગ્રંથ-શ્રેણીના પ્રધાન સંપાદક, દેવાલય સ્થાપત્યવિદ્, પ્રાચ્યવિદ્યાવિદ, કળા-ઈતિહાસ મર્મજ્ઞ, ઉદ્યાન-વિદ્યાવિદ, રત્નવિદ્યાના જ્ઞાતા, સંગીતજ્ઞ, જૈન-ઈતિહાસ, આગમદર્શનના અભ્યાસી હતા.

તેમનો જન્મ ૧૯૨૯માં જુલાઈની ૩૧મી તારીકે પોરબંદરમાં થયો હતો.

તેમણે પૂના ફર્ગ્યુસન કૉલેજમાંથી જીયોલોજી - ભૂસ્તરશાસ્ત્રમાં ડિગ્રી મેળવી હતી. પિતાનો વારસો બાગાયત (હોટીકલ્ચર) જાળવી રાખીને ઘઉં-કપાસની જાતો વિકસાવી અને ૪૫૦ જેટલી કેરીની જાતો શોધી. ગુરુ મણિભાઈ વોરાના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્રના પ્રાચીન સ્થળોના પ્રમાણ અભ્યાસ આધારિત લેખો લખ્યા. તેમણે ભારત અને વિશ્વના ૨૫,૦૦૦ થી વધારે મંદિરોના આર્કિટેક્ચર કર્યા. તેમને ૧૯૭૪માં કુમાર ચંદ્રક, ૨૦૧૦માં પદ્મભૂષણ અને ગુજરાત ઈતિહાસ પરિષદ દ્વારા લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કરાયા. ૧૯૯૮માં શ્રેણિકભાઈ કસ્તુરભાઈના હસ્તે 'હેમચંદ્રાચાર્ય સુવર્ણચંદ્રક અને એવોર્ડ અપાયા હતા.' એમની આ ઉમદા, કલાયાત્રાને ભાવાંજલિ સહ શ્રદ્ધાસુમન અર્પણ.

- muljibhaidadhi@gmail.com